# એન્જલ વનના સ્થાપક દિનેશ ઠક્કરે મુંબઈના જુહૂમાં 711 કરોડમાં આખો ટાવર ખરીદ્યો

**ભારતના** રિયલ એસ્ટેટ ઇતિહાસમાં વ્યક્તિગત આવાસ માટેનો આ સૌથી મોટો સોદો



મુંબઈ, તા. 22: દેશની અગ્રણી બ્રોકરેજ ફર્મ એન્જલ વનના સ્થાપક અને ચેરમેન દિનેશ ઠક્કરે મુંબઈના પોશ વિસ્તાર જુહૂમાં સી-ફેસિંગ આખો રહેણાંક ટાવર આશરે 711 કરોડ રૂપિયામાં ખરીદવા કરાર કર્યા છે. ભારતમાં વ્યક્તિગત આવાસ માટેનો આ અત્યાર સુધીનો સૌથી મોટો રિયલ એસ્ટેટ સોદો માનવામાં આવે છે. એમ્બેસી ડેવલપર્સે મંગળવારે માહિતી આપી હતી કે જુહૂ તારા રોડ પર સ્થિત તેના અલ્ટ્રા-લક્ઝરી પ્રોજેક્ટ 'એમ્બેસી ટેરાઝા'માં એક ટાવરના વેચાણ માટે દિનેશ ઠક્કર સાથે સમજૂતી કરાર (એમઓયુ) પર હસ્તાક્ષર કરવામાં આવ્યા છે. ગ્રાઉન્ડ પ્લસ 7 માળ ધરાવતા આ ટાવરનો કાર્પેટ એરિયા 63,000 ચોરસ ફૂટ છે. ઠક્કરે આ આલીશાન નિવાસસ્થાનનું નામ 'એન્જલસ' રાખ્યું છે અને તેઓ તેનો ઉપયોગ પોતાના પરિવારના રહેઠાણ તરીકે કરશે. આ જાહેરાત બાદ એમ્બેસી ડેવલપર્સના શેરમાં 8.3 ટકા સુધીનો ઉછાળો નોંધાયો હતો.

દેશમાં ઉદ્યોગપતિઓ અને સુપર-રિચ શ્રેણીના લોકો તરફથી લક્ઝરી ઘરોની માંગમાં મોટો વધારો થયો છે. મુંબઈ આ ક્ષેત્રે અગ્રેસર રહ્યું છે, જ્યાં દરિયા કાંઠએ આવેલા ઘરો કરોડો રૂપિયામાં વેચાઈ રહ્યા છે.



ઇન્ડોનેશિયાના પશ્ચિમ સુમાત્રા પ્રાંતના સોલોક જિલ્લામાં ભારે વરસાદ બાદ અચાનક આવેલા પૂરમાં ઓછામાં ઓછા એક વ્યક્તિનું મોત થયું હતું અને અન્ય 4 ઘાયલ થયા હતા. એમ સ્થાનિક સત્તાવાળાઓએ મંગળવારે જણાવ્યું હતું. પૂરના કારણે 11 સરકારી કાર્યાલયો, 21 કાર અને 7 મોટરસાઇકલ પ્રભાવિત થયા હતા.

# રાહુલ ગાંધીના કાર્યક્રમમાં મિમિક્રી: ધમકીઓ મળતાં કોમેડિયન પુલકિત મણિના ૩ શો રદ



નવી દિલ્હી, તા. 22 (પીટીઆઈ): મધ્ય પ્રદેશમાં કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી સાથેના એક કાર્યક્રમમાં દેખાયેલા કોમેડિયન પુલકિત મણિએ જણાવ્યું છે કે, ''ગુંડાગીરી કરનારા કાર્યકરો તરફથી વારંવાર મળતી ધમકીઓને કારણે નોઈડા, લખનઉ અને કાનપુરમાં તેમના આગામી સ્ટેન્ડ-અપ શો રદ કરવામાં આવ્યા છે. વિપક્ષી નેતાના ઈન્દોર ખાતેના 'છાત્રો કી ગૂંજ' કાર્યક્રમમાં વડા પ્રધાન મોદીની મિમિક્રી કર્યા બાદ મણિ મોટા વિવાદના કેન્દ્રમાં આવ્યો છે. સોમવારે તેમની ઈન્સ્ટાગ્રામ સ્ટોરીઝ પરની એક પોસ્ટમાં કોમેડિયને જણાવ્યું હતું કે, ''અણધાર્યા સંજોગોને કારણે તેમનો નોઈડાનો શો રદ કરવામાં આવ્યો છે. મણિએ પોસ્ટમાં લખ્યું હતું, ''મને ખેદ છે કે અણધાર્યા સંજોગોને કારણે નોઈડાનો મારો શો રદ કરવામાં આવ્યો છે. થયેલી અસુવિધા બદલ હું દિલગીર છું અને તમારા સહકાર તથા સમજણ બદલ આભાર માનું છું.'' આ પોસ્ટ ઈન્સ્ટાગ્રામની સ્ટોરીઝ પર ૨૪ કલાકની મર્યાદાને કારણે હવે ડિલીટ થઈ ગઈ છે. ત્યાર પછીની પોસ્ટમાં સ્ટેન્ડ-અપ કોમેડિયને તેમના લખનઉ અને કાનપુરના કાર્યક્રમો રદ કરવાની જાહેરાત કરી હતી.

મણિએ પોસ્ટ કર્યું હતું કે, ''ગુંડાગીરી કરનારા કાર્યકરો તરફથી વારંવાર મળતી ધમકીઓને કારણે મારા લખનઉ અને કાનપુરના શો રદ કરવામાં આવ્યા છે.''

# 4.27 સેકન્ડમાં રૂબિક્સ ક્યુબ સોલ્વ: 6 વર્ષની બાળકીનો વર્લ્ડ રેકોર્ડ

**ચીનની** લિયાન યુનઝીએ માત્ર ત્રણ દિવસમાં સતત બે વાર પોતાનો જ વર્લ્ડ રેકોર્ડ તોડ્યો

**3x3x3** ક્યુબ માટે તેનો સર્વશ્રેષ્ઠ સિંગલ ટાઇમ 3.54 સેકન્ડ રહ્યો



બીજિંગ, તા. 22 ચીનની 6 વર્ષની બાળકી લિયાન યુનઝીએ રૂબિક્સ ક્યુબ ઉકેલવામાં નવો મહિલા વિશ્વ વિક્રમ સ્થાપ્યો છે. યુનઝીએ વુહાન અને ગુઆંગઝૂ ખાતે યોજાયેલી સ્પર્ધાઓ દરમિયાન માત્ર ત્રણ દિવસના ગાળામાં 3x3x3 રૂબિક્સ ક્યુબનો રેકોર્ડ બે વાર તોડ્યો હતો.

તેણે પાંચ પ્રયાસોમાં સરેરાશ 4.52 સેકન્ડનો સમય નોંધાવ્યા બાદ તેને વધુ સુધારીને માત્ર 4.27 સેકન્ડ કર્યો હતો. આ સિદ્ધિ સાથે તે 4.5 સેકન્ડથી ઓછો સરેરાશ સમય નોંધાવનારી વિશ્વની પ્રથમ મહિલા ક્યુબર બની ગઈ છે. ચીનના સિચુઆન પ્રાંતના ચેંગડુની નિવાસી યુનઝીએ 1,300થી વધુ અલ્ગોરિધમ શીખ્યા છે અને તે છેલ્લા એક વર્ષથી દરરોજ બેથી ત્રણ કલાક પ્રેક્ટીસ કરતી હતી.

વર્લ્ડ ક્યુબ એસોસિએશનના જણાવ્યા મુજબ, યુનઝીએ અત્યાર સુધીમાં 33 સ્પર્ધાઓમાં ભાગ લીધો છે. 3x3x3 ક્યુબ માટે તેનો સર્વશ્રેષ્ઠ સિંગલ ટાઇમ 3.54 સેકન્ડ રહ્યો છે. આ પહેલા કિયાં કાઓના નામે 4.98 સેકન્ડનો સરેરાશ રેકોર્ડ હતો.

# સમગ્ર ઉત્તરપૂર્વીય અમેરિકામાં ટેકનીકલ સમસ્યાને કારણે ફ્લાઈટો ખોરવાઈ

વોશિંગ્ટન, તા. ૨૨(એપી): ફિલાડેલ્ફિયામાં આવેલા એક મહત્વપૂર્ણ એર ટ્રાફિક કંટ્રોલ સેન્ટરની ક્ષતિગ્રસ્ત કમ્યુનિકેશન લાઈનોમાં મુશ્કેલી સર્જાતા કલાકો સુધી સર્જાયેલી વિક્ષેપની સ્થિતિ બાદ યુ.એસ. નોર્થઈસ્ટના (ઉત્તર-પૂર્વ અમેરિકા) વિમાનમથકો પર વિમાની સેવાઓ ખોરવાઈ ગઇ હતી.

સોમવારે આ આઉટેજને કારણે ન્યૂ યોર્ક સિટી વિસ્તારના દરેક મહત્વના એરપોર્ટ પર અસર પડી હતી, જેના લીધે નેવાર્ક લિબર્ટી ઈન્ટરનેશનલ એરપોર્ટની ૬૦૦થી વધુ ફ્લાઈટ્સ સહિત સેંકડો ફ્લાઈટ્સ રદ કરવી પડી હતી. ટ્રાન્સપોર્ટેશન સેક્રેટરી સીન ડફીએ એક ઓનલાઈન પોસ્ટમાં જણાવ્યું હતું કે સમારકામ થઈ ગયું હોવા છતાં હાલની તમામ વિલંબિત ફ્લાઈટ્સને પૂર્વવત સ્થિતિમાં લાવવામાં થોડો સમય લાગશે. સોમવારે સવારે ફિલાડેલ્ફિયા સ્થિત ફેડરલ એવિએશન એડમિનિસ્ટ્રેશન (FAA) સુવિધાની મહત્વની કમ્યુનિકેશન લાઈન ત્યારે ખોરવાઈ ગઈ હતી, જ્યારે બેકઅપ ફાઈબર ઓપ્ટિક લાઈન રેલ્વે કામદારો દ્વારા આકસ્મિક રીતે કપાઈ ગઈ હતી.









## લાલબાગના રાજાના દરબારમાં 'કિંગ ખાન': પત્ની ગૌરી અને દીકરી સુહાના સાથે કર્યા ગણપતિ બાપાના દર્શન



મુંબઈ, તા. ૨૨ : ગણેશોત્સવની ચાલુ ઉજવણી વચ્ચે બોલિવૂડના સુપરસ્ટાર શાહરુખ ખાને તેમની પત્ની ગૌરી ખાન અને પુત્રી સુહાના ખાન સાથે મુંબઈના પ્રખ્યાત લાલબાગના રાજાનાં દર્શન કર્યાં હતાં. શાહરુખ, સુહાના અને ગૌરી સુરક્ષાકર્મીઓથી ઘેરાયેલા રહીને ભીડ વચ્ચેથી પંડાલ સુધી પહોંચ્યા હતા. તેમની સાથે એસ.આર.કે.ની મેનેજર પૂજા દદાલાની પણ હાજર હતી. લાલબાગના રાજાથી આવેલ વીડિયોમાં શાહરુખ ખાન પંડાલ તરફ આગળ વધી રહ્યો હતો ત્યારે ગૌરી ખાન અને સુહાના ખાનને ભીડથી બચાવતા નજરે પડ્યો હતો. ગણપતિ દર્શન માટે શાહરુખ, ગૌરી અને સુહાના પારંપરિક પોશાકમાં સજ્જ હતા.

## રાણી મુખર્જીનાં માતા કૃષ્ણા મુખર્જીનું 75 વર્ષની વયે અવસાન



મુંબઈ, તા. 22 : અભિનેત્રી રાણી મુખર્જીનાં માતા કૃષ્ણા મુખર્જીનું મંગળવારે 75 વર્ષની વયે અવસાન થયું છે. યશ રાજ ફિલ્મસે મંગળવારે, 22 સપ્ટેમ્બરના રોજ એક નિવેદનમાં આ સમાચારની પુષ્ટિ કરી છે. આ દુઃખની ઘડીમાં પરિવારે ગોપનીયતા જાળવવાની અપીલ કરી છે. તેમના મૃત્યુનું કારણ હજી સુધી જાહેર કરવામાં આવ્યું નથી. વાયઆરએફના નિવેદનમાં જણાવાયું છે કે, ''ભારે હૃદયથી અમે શેર કરીએ છીએ કે રાણી મુખર્જીનાં માતા કૃષ્ણા મુખર્જીનું આજે બપોરે અવસાન થયું છે. આ અપાર દુઃખના સમયમાં પરિવાર તમારા પ્રેમ, પ્રાર્થના અને સમર્થન માટે ઊંડી કૃતજ્ઞતા વ્યક્ત કરે છે અને આદરપૂર્વક ગોપનીયતા જાળવવાની વિનંતી કરે છે.''

## અંતિમ દર્શન માટે શાહરૂખ ખાન, કરણ જોહર અને આલિયા ભટ્ટ સહિતના દિગ્ગજો પહોંચ્યા



મુંબઈ, તા. 22: બોલિવૂડ અભિનેત્રી રાની મુખર્જીનાં માતા કૃષ્ણા મુખર્જીનું મંગળવારે બપોરે 75 વર્ષની વયે નિધન થયું છે. તેમના અવસાનના સમાચાર મળતા જ હિન્દી સિનેમાની અનેક હસ્તીઓ રાની મુખર્જી અને તેના પરિવારને સાંત્વના પાઠવવા અને અંતિમ દર્શન માટે પહોંચી હતી. મુંબઈમાં યોજાયેલી અંતિમયાત્રા અને અંતિમ સંસ્કારમાં રાનીના નજીકના મિત્ર કરણ જોહર, શાહરૂખ ખાન, ગૌરી ખાન, અનિલ કપૂર, આલિયા ભટ્ટ, અયાન મુખર્જી અને અપૂર્વ મહેતા સહિત બૌલીવુડના કલાકારો-નિર્માતાઓ ઉપસ્થિત રહ્યા હતા. પરિવાર તરફથી એક નિવેદન જારી કરીને કૃષ્ણા મુખર્જીના નિધનની પુષ્ટિ કરવામાં આવી હતી અને આ શોકની ક્ષણમાં પ્રાઈવસી જાળવવાની વિનંતી કરવામાં આવી હતી. કૃષ્ણા મુખર્જી પોતે એક પ્લેબેક સિંગર હતા અને તેમણે 1982ની ફિલ્મ 'તીસરી આંખ'ના પ્રખ્યાત ગીતમાં અવાજ આપ્યો હતો. તેમના પતિ અને રાનીના પિતા રામ મુખર્જી જાણીતા ફિલ્મ નિર્માતા હતા.

# ઈરાનને 'નષ્ટ' કરવાની ચેતવણી આપ્યાના થોડા જ સમય બાદ યુએસ અને ઈરાની અધિકારીઓ મળ્યા

પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે જણાવ્યું હતું કે યુએસ અને ઈરાનના અધિકારીઓ મંગળવારે મળ્યા હતા.

યુએન સામાન્ય સભામાં પોતાના સંબોધન દરમિયાન તેમણે એવી ધમકી આપી હતી કે જો લગભગ સાત મહિનાથી ચાલતા યુદ્ધનો અંત લાવવા માટે ટૂંક સમયમાં કોઈ કરાર નહીં થાય, તો તેઓ ઈસ્લામિક રિપબ્લિકને "સંપૂર્ણ નષ્ટ" કરી શકે છે, જેના થોડા સમય બાદ જ આ મુલાકાત થઈ હતી.

ટ્રમ્પે પત્રકારોને આ બેઠક વિશે માહિતી આપી હતી પરંતુ વાતચીત અંગે બહુ ઓછી વિગતો રજૂ કરી હતી.

"તે ખૂબ જ સારી બેઠક હતી," ટ્રમ્પે કહ્યું.


